FULE Seeds
KRUSHISHARANG AGRICLINIC PVT. LTD
info@fuleseeds.com 91065 70738

# અડદની ખેતી પધ્ધતિ

| | |
|---|---|
| **જમીન અને આબોહવા** | મધ્યમ કાળીથી ભારે જમીનમાં અડદ સારા થાય છે તેમ છંતા આ પાક બધા પ્રકારની જમીનોમાં થઇ શકે છે. જોકે ક્ષારવાળી જમીન બિલકુલ અનુકુળ નથી. અડદનો પાક ઉષ્ણકટિબંધીય પ્રદેશનો પાક છે માટે ગરમ અને ભેજવાળુ વાતાવરણ વધુ માફક આવે છે. ગુજરાતમાં શિયાળામાં ઠંડીનું પ્રમાણ મધ્યમ હોવાથી અડદનો પાક ખાસ કરીને ઉનાળુ અને ચોમાસુ એમ બે ઋતુઓ લેવાય છે. |
| **જમીનની તૈયારી** | અડદની વાવણી માટે હળની એક ખેડ કરી 2 થી 3 વખત કરબ મારી જમીન તૈયાર કરવી . અડદનું સારું ઉત્પાદન લેવા માટે જમીન તૈયારી વખતે 10 ટન સારું કોહવાયેલું છાણીયું ખાતર જમીનમાં મીશ્ર કરવું જેથી જમીનની ફળદ્રુપતામાં સુધારો થાય સાથે ભેજ સંગ્રહ શક્તિ અને ઉત્પાદન વધે. |
| **વાવેતર સમય** | ચોમાસાની શરૂઆત થતાં ઉતર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં 15 જૂન થી 15 જુલાઇ સુધી અડદની વાવણી કરી શકાય. જયારે મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં જુલાઇ માસના બીજા પખવાડીયા પછી વાવેતર કરવું. ઉનાળામાં ફ્રેબુઆરીના ત્રીજા અઠવાડીયાથી માર્ચના પ્રથમ અઠવાડીયા સુધી વાવણી થઇ શકે છે. |
| **વાવેતર અંતર** | ઉનાળુ અડદ પાકમાં બે ચાસ વચ્ચે 20 થી 25 સે.મી અને બે છોડ વચ્ચે 12 થી 15 સે.મી. અંતર રાખવું. જયારે ચોમાસમાં આ પાકની સારી વૃધ્ધિ થતી હોય છે જેથી બે હાર વચ્ચે 45 સે.મી. નું અંતર જાળવી વાવણી કરવી. |
| **બીજદર** | એક હેકટર જમીનમાં ઓરણીથી વાવેતર કરવા માટે 15 થી 20 કિલોગ્રામ બીજ પ્રતિ હેકટર અને પૂંખીને વાવવા માટે 20 થી 25 કિલોગ્રામ પ્રતિ હેકટર બીજની વાવણી કરવી. |
| **બીજ માવજત** | અડદના બિયારણને વાવણી પહેલા ફૂગનાશક દવા થાયરમ/બાવીસ્ટીનનો 2 થી 3 ગ્રામ પ્રતિ કિલોગ્રામ પ્રમાણે બીજને પટ આપવો. |
| **વાવવા લાયક જાતો** | **સંશોધિત જાતો :** ફૂલે શ્યામ (ફૂલે 88) અને ફૂલે માધવ (ફૂલે 91)<br>**નોટિફાઇડ જાતો :** ગુજરાત અડદ-2, ગુજરાત અડદ-3 અને ગુજરાત આણંદ અડદ-4 |
| **ખાતર વ્યવસ્થાપન** | જયારે રાસાયણિક ખાતરમાં પાયાના ખાતર તરીકે હેકટરે 20 કિ.ગ્રા. નાઇટ્રોજન, 40 કિ.ગ્રા. ફોસ્ફરસ આપવું. જો સલ્ફરની ઉણપ હોય તો જમીનમાં હેકટરે 20 કિ.ગ્રા. સલ્ફર પાયાના ખાતર તરીકે આપવું. |
| **પિયત વ્યવસ્થાપન** | સામાન્ય રીતે ચોમાસાની ઋતુમાં પિયતની જરૂરીયાત રહેતી નથી. પરંતુ જો વરસાદ ખેંચાય કે અનિયમિત રહે તેવા સંજોગોમાં પાકની કટોકટીની અવસ્થા જેવી કે ફૂલ અને શીંગો બેસવાના સમયે પિયત અવશ્ય આપવું જેથી ઉત્પાદનમાં માઠી અસર પડે નહી. ઉનાળાની ઋતુમાં 8 થી 10 દિવસના અંતરે જરૂરીયાત મુજબ પિયત આપવા. |
| **નિંદામણ અને આંતરખેડ** | અડદના પાકને જરૂરીયાત મુજબ 2 થી 3 વખત હાથથી નિંદામણ અને આંતરખેડ કરવી. જો ખેતમજુરોની અછત હોય તો રાસાયણિક નિયંત્રણ માટે વાવેતર બાદ તુરત એટલે કે અડદ ઉગતા પહેલાં પેન્ડીમિથાલીન દવા હેકટરે 1 કિ.ગ્રા સક્રિય તત્વ મુજબ 500 થી 600 લિટર પાણીમાં ભેળવી છાંટવાથી નિંદામણ નિયંત્રણ થાય છે. |

Fule Seeds

| અડદમાં રોગ-જીવાત નિયંત્રણ | |
|---|---|
| **પીળો પંચરંગીયો** | આ રોગની શરૂઆતમાં નવા પાન પર પીળા રંગના ટપકાં જોવા મળે છે. ત્યારબાદ જેમ જેમ નવા પાન આવે તેમ તેના ઉપર લીલા-પીળા રંગના ધાબા બનતા જાય છે.આ રોગ સફેદ માખીથી ફેલાય છે. આ રોગના નિયંત્રણ માટે અડદની રોગપ્રતિકારક જાતોનું વાવેતર કરવું. આ રોગના નિયત્રંણ માટે સફેદ માખીનું નિયત્રંણ કરવું હિતાવહ છે. આ રોગના રાસાયણિક નિયંત્રણ માટે શોષક પ્રકારની દવા ઈમીડાકલોપ્રીડ 17.8 એસ.એલ. @ 3 મિ.લિ. અથવા ડાયમીથોએટ 30 ઈ.સી. @ 10 મિ.લિ. અથવા મિથાઈલ-ઓ-ડીમેટોન 25 ઈ.સી. @ 10 મિ.લિ. 10 લિટર પાણીમાં ઓગાળી છંટકાવ કરવો. |
| **ભુકીછારો** | આ રોગ પાકની ગમે તે અવસ્થાએ આવી શકે છે. પરંતુ ફૂલ બેસવાની અવસ્થાએ આ રોગની તીવ્રતા વધુ હોય છે. આ રોગમાં પાન ઉપર સફેદ પાઉડર જેવા ધાબા જોવા મળે છે. ત્યાર બાદ રોગ આગળ વધી પાંદડાની દાંડલી, શીંગો અને થડ ઉપર ફેલાય છે. અતિ તીવ્ર પ્રમાણમાં આવે તો આખો છોડ સુકાય જાય છે. |
| **કાલવ્રણ** | આ રોગમાં પાન, ડાળી અને શીંગો પર પાણી પોચા ચાઠા પડે છે. જે મોટા થતાં બદામી રંગના થાય છે. રોગની તીવ્રતા વધુ હોય તો પાન ખરી પડે છે અને શીંગોમાં દાણા હલકી ગુણવત્તાવાળા થાય છે. |
| **નિયત્રંણ** | રોગની શરૂઆત થાય કે તરત જ સલ્ફર વેટેબલ પાવડર 10 લિટર પાણીમાં 30 ગ્રામ પ્રમાણે અથવા કાર્બેન્ડાઝીમ 0.025% @ 10 લિટર પાણીમાં 10 ગ્રામ પ્રમાણે અથવા હેકઝાકોનાઝોલ 0.025% @ 10 લિટર પાણીમાં 10 મિ.લિ. ઓગાળી રોગની શરૂઆત થયે છંટકાવ કરવો. જરૂર જણાય તો બીજો છંટકાવ 10 દિવસ બાદ કરવો. |
| **થ્રીપ્સ** | આ જીવાતનો ઉપદ્રવ અડદમાં જોવા મળે છે. આ જીવાતના બચ્ચાં અને પુખ્ત મોટે ભાગે ફુલો અને નાજુક પાનમાંથી રસ ચુસે છે જેથી પાન પીળા પડી જાય છે અને અંતે સુકાઈને ખરી પડે છે. આ જીવાતના રસાયણિક નિયંત્રણ માટે ડાયમીથોએટ 30 ઈ.સી. @ 10 મિ.લિ અથવા સ્પીનોસાડ 45 એસ.સી. @ 3 મિ.લિ દવા 10 લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. |
| **શીંગો કોરી ખાનારી લીલી ઈયળ** | આ જીવાત અડદમાં મોટા પ્રમાણમાં જોવા મળે છે. લીલી ઈયળ શીંગમાં કાણું પાડી શરીરનો અડધો ભાગ શીંગમાં દાખલ કરી ખોરાક લેતી હોય છે. ઈયળ અવસ્થા લગભગ 12 થી 20 દિવસની હોય છે. તેના રાસાયણિક નિયંત્રણ માટે ફ્લુબેન્ડીયામાઈડ 48 એસ.સી. 0.0096% @ 2 મિ.લિ. અથવા કલોરાન્ટ્રાનીલીપ્રોલ 20 એસ.સી. 0.003% @ 1.5 મિ.લિ. દવા 10 લિટર પાણીમાં ઓગાળીને છંટકાવ કરવો. દવાનો પ્રથમ છંટકાવ ફુલ અવસ્થાએ અને બીજો છંટકાવ 15 દિવસ બાદ કરવો. |
| **કાપણી** | જયારે બધી શીંગો કાળા રંગમાં રૂપાંતરીત થઈ 80% શીગો પાકી જાય ત્યારે પાકની કાપણી કરવી. કાપણી બપોર પહેલાંના સમયમાં કરવી જેથી શીંગો ખરી ન જાય. કાપણી કર્યા બાદ અડદના પાથરાને ખળામાં સૂકવવા. અડદ પૂરેપુરા સૂકાઇ જાય ત્યારબાદ બળદથી અથવા થ્રેસરથી દાણા છૂટા પાડવા. દાણા સાફ કરી ગ્રેડિંગ કરી જંતુરહિત કોથળા અથવા કોઠીઓમાં સંગ્રહ કરવો. |

Fule Seeds

**અગત્યની નોંધ :** આ સામાન્ય અડદની ખેતી પધ્ધતિ છે. તમારા વિસ્તારની આબોહવા અને જમીનના પ્રકાર અનુસાર તેમાં થોડો ફેરફાર થઈ શકે છે. વધુ માહિતી માટે તમારા નજીકના કૃષિ સલાહકાર કે કૃષિ યુનિવર્સિટીનો સંપર્ક કરવો હિતાવહ છે.